હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



સાલુ સમજાયુ નહીં... જનતા પપ્પુ છે કે પપ્પુ હોશિંયાર છે...??

કોબાના વૃદ્ધ વેપારીને ગોળી મારીને થયેલી હત્યા પ્રકરણમાં પોલીસ હજુ દિશાવિહીન

જે વૃદ્ધને ક્યારેય કોઈની સાથે ઝઘડો થયો નથી તેને આવી રીતે કોણ? કેમ મારી જાય ? તેના પર સવાલ : ઇન્ફોસિટી પોલીસ ઉપરાંત એલ.સી.બી અને એસ.ઓ.જી પણ આ ગુનાની તપાસમાં લાગી : ફાયર થયેલી બુલેટ જોતા સ્ટાન્ડર્ડ વેપનની બુલેટ હોવાનું અનુમાન : કોન્ટ્રાક્ટ કિલીગની પણ આશંકા

ગાંધીનગર નજીક આવેલા કોબા ગામના રૂપાવટી પાર્ક સોસાયટીમાં રહેતા ૭૫ વર્ષીય વૃદ્ધ વેપારીની પ્રેક્ષા ભારતી પાસે સાનિધ્ય પ્લોટ્સમાં પોતાના વેપારના સ્થળે ફાયરિંગ કરીને કોઈ અજાણ્યા શખ્સોએ વૃદ્ધની હત્યા કરી નાખી હતી. આ રહસ્યમય હત્યાના ચાર દિવસ થઇ ગયા તેમ છતાં હજુ સુધી પોલીસ તદ્દન દિશાવિહીન છે. જે વૃદ્ધને ક્યારેય કોઈની સાથે ઝઘડો થયો નથી તેને આવી રીતે કોણ? અને કેમ મારી જાય? તે સવાલ પર આવીને પોલીસ વિચારમાં પડી ગઈ છે. ચકચારી આ હત્યા કેસની તપાસ માટે હવે ઈન્ફોસિટી પોલીસ ઉપરાંત ગાંધીનગર એલસીબી અને એસઓજીની ટીમ પણ કામે લાગી ગઈ છે. હત્યાના સ્થળ પરથી જે ફાયર થયેલી બુલેટ મળી છે તેને જોતાં સ્ટાન્ડર્ડ વેપનની આ બુલેટ હોવાનું અનુમાન છે અને હાલના તબક્કે મોટાભાગે કોન્ટ્રાક્ટ કિલરો પાસે સ્ટાન્ડર્ડ વેપન વધુ હોય છે. જેને પગલે કોન્ટ્રાક્ટ કિલિંગની પણ આશંકા સેવવામાં આવી રહી છે.

ગાંધીનગર નજીક આવેલા કોબા ગામમાં રૂપાવટી પાર્ક સોસાયટીમાં રહેતા ૭૫ વર્ષીય વૃદ્ધ વેપારી કેશવલાલ દ્વારકાદાસ પટેલ દસ વર્ષથી આ મકાનમાં તેમના પત્ની સાથે રહેતા હતા અને તેમના અમદાવાદ ખાતે રહેતા દીકરાના એક મિત્રની કોબા પ્રેક્ષા ભારતી નજીક આવેલી સાનિધ્ય નામની ખુલ્લા પ્લોટની સ્કીમમાં એક પ્લોટ પર ઓરડી બાંધીને કેશવલાલ ઘણા સમયથી લોખંડ અને કપચીનો વેપાર કરતા હતા. ચાર દિવસ પહેલા સવારે સાત વાગ્યે નિત્યક્રમ મુજબ તેઓ સાનિધ્ય પ્લોટમાં ગયા અને પ્લાસ્ટીકની ખુરશી ઓરડી પાસે ગોઠવીને શાંતિથી બેઠા હતા ત્યારે આઠેક વાગ્યાના અરસામાં કોઈ બિલ્લી પગે તેમના આ સ્થળે આવી પહોંચ્યું અને પાછળથી વૃદ્ધ વેપારી કેશવલાલને કોઈ હથિયાર વડે ગોળી મારી દીધી હતી અને ખુરશી પર જ તેમનુ પ્રાણ પંખેરુ ઉડી ગયુ હતુ. આ ફાયરિંગ થતાં કેશવલાલના ગરદનથી થોડા ઉપરના ભાગને વિંધિને ગોળી આંખ નજીકથી બહાર નીકળી ગઈ હતી અને સામેની દીવાલને અથડાઈને પડી હતી. ઈન્ફોસિટી પોલીસ મથકના પી.આઈ કે કે દેસાઈ તેમની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી એફ.એસ.એલ ની ટીમ બોલાવી મૃતક વૃદ્ધના દીકરા મહેન્દ્રકુમારની ફરિયાદના આધારે હત્યાનો ગુનો દાખલ કરી ઘટનાની બારીકાઈથી તપાસ શરૂ કરી છે. સ્થળ પરથી જપ્ત કરવામા આવેલી ફાયર બુલેટ જોતા પ્રાથમિક તબક્કે આ હત્યામાં સ્ટાન્ડર્ડ વેપન વપરાયું હોય તેવી શક્યતા છે. તો બીજી તરફ મહદ અંશે કોન્ટ્રાક્ટ કિલરો આ પ્રકારના સ્ટાન્ડર્ડ વાપરવા પડતા હોય છે જેને પગલે કોન્ટ્રાક્ટ કિલીંગ થયું હોવાની પણ એક તરફ આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. પરંતુ હજુ સુધી હત્યા પાછળનુ શું કારણ હોઈ શકે તે બાબત જ બહાર લાવી શકાઈ નથી તો કોણે અને કેમ આ વૃદ્ધ વેપારીની હત્યા કરી તે એક મોટો સવાલ ઊભો થયો છે. ઈન્ફોસિટી પોલીસ તથા ગાંધીનગર એલસીબી અને એસઓજીની ટીમ પણ આ રહસ્યમય હત્યાનો ભેદ ઉકેલવા માટે દોડતી થઈ ગઈ છે.

દંતાલીમાં થયેલી વૃદ્ધની હત્યા અને આ વેપારી વૃદ્ધની હત્યામાં ઘણી સામ્યતા

પ્રેક્ષા ભારતી પાસે કોબાના વૃદ્ધ વેપારીની થયેલી હત્યાની તપાસ શરૂ કર્યા બાદ પોલીસને ઘટનાસ્થળેથી જે ફાયર થયેલી બુલેટ મળી છે તેને જપ્ત કરીને એફએસએલમાં મોકલી આપવામાં આવી છે. આ સ્થળેથી મળેલી ફાયર બુલેટનુ પરીક્ષણ કરતા પ્રાથમિક અનુમાન એવું છે કે સ્ટાન્ડર્ડ વેપનથી આ બુલેટ છૂટી હોય..! એટલે કે હત્યારાએ સ્ટાન્ડર્ડ વેપનનો(રિવોલ્વર કે પિસ્ટલ) ઉપયોગ કર્યો હોય શકે. તો બીજી તરફ ગાંધીનગર જિલ્લાના અડાલજ નજીક આવેલા દંતાલી ગામમાં થોડા સમય પહેલાં એક વૃદ્ધની હત્યા થઈ હતી તે હત્યાનો ગુનો પણ હજુ વણઉકેલાયેલો છે. દંતાલીમાં જે વૃદ્ધની હત્યા થઈ હતી તેમાં પણ ફાયરિંગ કરવામાં આવ્યું હતું અને તેમાં જે ફાયર બુલેટ મળી હતી તે બુલેટ જોતા સ્ટાન્ડર્ડ વેપનમાંથી ફાયરીંગ થયુ હોવાનું પ્રાથમિક અનુમાન છે. એટલે કે દંતાલી અને કોબા પ્રેક્ષા ભારતી બન્ને વિસ્તારની હત્યામાં ઘણી સામ્યતાઓ જોવા મળે છે. દંતાલી ગામમાં પણ વૃદ્ધની હત્યા થઈ હતી અને સવારના સમયે ફાયરિંગ કરીને સ્ટાન્ડર્ડ વેપનથી હત્યા થઈ હતી. તો બીજી તરફ કોબા નજીક પ્રેક્ષા ભારતી પાસે પણ વૃદ્ધની હત્યા થઈ હતી અને સવારના સમયે ફાયરિંગ કરીને સ્ટાન્ડર્ડ વેપનથી હત્યા થઈ હતી. બંને હત્યા ના કેસ હજુ અનડીટેક્ટ છે અને બંને કેસમાં પોલીસ દિશાવિહીન છે. ઘણી ખરી સામે ધરાવતાં આ બંને હત્યાના કેસ સાથે કોઈ સંલગ્ન બાબતો છે કે કેમ તે અંગે પણ પોલીસ તપાસ કરી રહી છે.

આરોગ્ય કર્મચારીઓનું એકતા સંમેલન યોજાયું

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત રાજય આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા આજે જામનગર ખાતે એકતા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજયભરમાં ફરજ બજાવતા આરોગ્ય કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે ચર્ચાઓ કરી અને તેની સામે ભાવી રણનિતિ નક્કી કરવામાં આવી હતી.

આરોગ્ય વિભાગના કર્મચારીઓના મુખ્ય પડતર પ્રશ્નો પર નજર કરવામાં આવે તો આરોગ્ય કર્મચારીઓને ૦ કિલોમીટરે પી.ટી.એ.આપવું, નવા મંજુર થયેલા રાજયના જિલ્લાઓમાં જિલ્લાકક્ષાનું મહેકમ મંજુર કરવું.જિલ્લાકક્ષાની સુપરવાઈઝરની ખાલી જગ્યાએ બઢતી આપવી, રાજય સેવાની જેમ ત્રિસ્તરીય માળખાનો પંચાયત સેવામાં અમલ કરવો, પંચાયત સેવાના કંમ્પાઉન્ડરોને નામાભિધાન ફાર્માસીસ્ટ કરવા, આરોગ્ય કર્મચારીઓને ટેકનીકલ કર્મચારી ગણવા , પગારવસિંગતતા વગેરે સહિત અનેક પડતર મુદ્દાઓની આજે વિસ્તૃત ચર્ચાઓ ગુજરાત રાજય આરોગ્ય કર્માચરી મહાસંઘના પ્રમુખ કિરીટસિંહ ચાવડાના અધ્યક્ષતામાં આ એકતા સંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે કિરીટસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે અમે ઈચ્છીએ કે સરકાર અમારી માંગણીઓ પ્રત્યે હકારાત્મક વલણ દાખવે અન્યથા આવનાર સમયમાં આંદોલનાત્મ કાર્યક્રમો પણ કર્મચારીઓને આપવાની ફરજ પડશે તેમ પણ તેમણે જણાવ્યું હતું. આજે આ યોજાયેલા રાજયકક્ષાના સંમેલનમાં તમામ જિલ્લાઓમાંથી અંદાજીત ૧૫૦૦ જેટલા કર્મચારીઓ મહાસંમેલનમાં જોડાયા હતા. અને પોતાની માંગ અને આગામી દિવસોમાં બુલંદ કરવાનું રણશિંગુ જામનગર ખાતેથી ફુંકવામાં આવ્યું છે.

ખાદ્ય ખોરાક પ્રદર્શનનું પાર્કીંગ યોગ્ય સ્થળે કરાવવા વસાહતીઓની માંગ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે આગામી તા. ૧૪ થી ૧૭ ડિસેમ્બર દરમિયાન ફુડ ઓફ ઈન્ડીયા દ્વારા ખાદ્ય ખોરાકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભારતભરમાંથી ગૃહ ઉદ્યોગ, મધ્યમ ઉદ્યોગ, તેમજ મોટા ખાદ્ય ઉદ્યોગ ના વેપારીઓ આ પ્રદર્શનની મુલાકાતે આવશે. તે ઉપરાંત હોટલ, રેસ્ટોરન્ટ, કેટરીંગ, બેકરી, મીઠાઈ, ફરસાણ, ડેરી, આઈસ્ક્રીમ, બેવરેજીસ, સોડા, નમકીન,આર્યુવેદ, પેકેજીંગ રેફ્રીજરેશનની વિવિદ અત્યંત આધુનિક મશીનરી પણ હાજર હશે. ત્યારે આ પ્રદર્શન નિહાળવા શહેરમાં માનવ મહેરામણ ઉમટી પડશે. જયારે ચાર દિવસ સુધી શહેરમાં પાર્કીંગની વ્યવસ્થા પણ કઠીન બનશે. જયારે હેલીપેડ આસપાસના વિસ્તારના સેકટરોમાં પાર્કીંગની સમસ્યા વિકરાળ બની જાય છે. વસાહતીઓના ઘરે પાસે કાર પાર્ક કરતા વસાહતીઓ પણ ના નીકળી શકે તેવી હાલત હોય છે.

ગાંધીનગર શહેરમાં આંતરે દિવસે જાહેર સમારોહ થતા હોય છે. ચાર-પાંચ દિવસ લાબા સમારોહ હોવાથી શહેરમાં નાગરીકોનો માનવ મહેરામણ ઉમટે છે. આ પ્રકારના સમારોહથી શહેરનું જનજીવન પ્રભાવિત બની જાય છે. ત્યારે નગરમાં ટ્રાફિકનો પ્રશ્ન વિકરાળ બની જતો હોય છે. શહેરના ચ અને ઘ મુખ્ય માર્ગ પર વાહનોનો ખડકલો જોવા મળતો હોય છે. તંત્ર દ્વારા વિવિધ સ્થળોએ પાર્કીંગની વ્યવસ્થા હોવા છતા કાર ચાલકો અને પ્રદર્શન નિહાળવા માટે આવેલા નાગરીકો નજીકમાં કાર ઉભી કરી ચાલ્યા જાય છે. જયારે સેકટરોના આંતરીક માર્ગ સહિત રહેણાંક વિસ્તારમાં વસાહતીઓના ઘર પાસે પણ વાહનો ખડકાઈ જતા ઘર માલિકને નીકળવુ પણ મુશ્કેલીરુપ બને છે. ત્યારે આગામી દિવસમાં હેલીપેડ ખાતે આયોજીત ખાદ્ય ખોરાકમાં યોગ્ય તંત્ર દ્વારા યોગ્ય પાર્કીંગ વ્યવસ્થા કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

કડી કેમ્પસમાં "આયના" તથા "મેગ્નેટ" ઈવેન્ટસનો પ્રારંભ

ત્રિદિવસીય ઈવેન્ટ્સમાં વિવિધ સ્પર્ધાઓમાં ગુજરાતની ૫૧ કોલેજના ૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે : એન્ટરપ્રિન્યોરશીપ ફિએસ્ટાનું પણ આયોજન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલયનો સતત ૧૯મો શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક કૃતિઓ સાથે મેનેજમેન્ટના પ્રદર્શનનો કાર્યક્રમ "આયના" સેકટર-૨૩ના કેમ્પાસમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં સાથે ઉદ્યોગ સાહસિકતા માટે પ્રાયોગિક અમલીકરણની માહિતી પણ પુરી પાડવામાં આવી હતી.

આયનાના શુભારંભ પ્રસંગે કેએસવીના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે યુનિવર્સિટીના રજીસ્ટ્રાર તથા કેમ્પસ ડાયરેકટર સહિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. ત્રણ દિવસ ચાલનારા આ કાર્યક્રમમાં ગુજરાતની વિવિધ ૫૧ શાળાઓના ૫ હજાર જેટલાં વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યાં છે. "આયના" ઈવેન્ટમાં યુનિવર્સિટીના ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓની વિવિધ કમિટિ સેવા બજાવી રહી છે. આ કાર્યક્રમમાં કુલ ૧૪ સ્પર્ધાઓ યોજાશે અને તમામ સ્પર્ધાના વિજેતાઓને ઈનામો તથા ટ્રોફીઓથી સન્માનવામાં આવશે. આ સાથે યોજાનારા "મેગ્નેટ" પ્રદર્શનમાં વિવિધ કોલેજના ૨૯ ગ્રૂપ ભાગ લઈ રહ્યાં છે. જેમાં ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા છે. મેગ્નેટ પ્રદર્શનમાં મેનેજમેન્ટ આધારિત પ્રોજેક્ટ્સ તૈયાર કરાયા છે. આ સાથે એન્ટરપ્રિન્યોર ફિએસ્ટામાં ૧૬ ગ્રૂપ દ્વારા ૭૫ જેટલી ફૂડ તથા હેન્ડી ક્રાફ્ટની પ્રોડક્ટ્સ રજૂ કરતાં પ્રોજેક્ટ્સ તૈયાર કરાયાં છે.

રાજ્યમાં ૫૫,૩૮૧ ખેડૂતો પાસેથી મગફળીની ખરીદી

ગાંધીનગર, તા.૧૨

રાજ્ય સરકારે ખેડૂતોને મગફળીના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવાનો ખેડૂત કલ્યાણલક્ષી નિર્ણય લીધો છે અને તારીખ ૧૫ નવેમ્બરથી ૧૨ ડિસેમ્બર-૨૦૧૮ સુધીમાં રાજ્યભરમાં ૫૫,૩૮૧ ખેડૂતો પાસેથી ૫૫૨.૫૦ કરોડની કિંમતની ૧૧,૦૫,૦૦૬ ક્વિન્ટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. રાજ્યના નાગરિક પુરવઠા નિગમ લિમિટેડના નાયબ જિલ્લા મેનેજરના જણાવ્યા અનુસાર રાજ્ય સરકાર દ્વારા ખરીફ સીઝન ૨૦૧૮-૧૯ માટે લઘુતમ ટેકાના ભાવે મગફળીની ખરીદી માટે તા.૧૫/૧૧/૨૦૧૮થી ખરીદી શરૂ કરાઈ છે. મગફળીના ખરીદ કેન્દ્ર તરીકે જાહેર કરાયેલા રાજ્યભરના કુલ ૧૨૨ એપીએમસી સેન્ટર ખાતે સંબંધિત જિલ્લા કલેકટર દ્વારા તા. ૧લી નવેમ્બર-૨૦૧૮થી ટેકાના ભાવે ખેડૂતો પાસેથી મગફળી ખરીદવા માટે ખેડૂતોની નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

ટીંટોડા ગામના મહિલાઓની ગામ સફાઈ

ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામે કર્મ ફાઉન્ડેશન દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ગામની મહિલાઓ દ્વારા સાથે મળીને ગામની શેરીઓ, આરસીસી રોડ તથા આંગણવાડી વગેરે સ્થળોની સફાઈ કરવામાં આવી હતી. ગામની મહિલાઓ દ્વારા પોતાના ગામને સ્વચ્છ બનાવવા હાથ ધરવામાં આવેલી આ જહેમતને ગ્રામજનોએ બિરદાવી હતી.

આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં ઉર્જાબચત કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

તા. ૧૧ ડિસેમ્બર, ૨૦૧૮, મંગળવારે આર.એન. પટેલ પ્રા. શાળામાં નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર દ્વારા ઉર્જા બચત માટે શું કરી શકાય ? તે અંતર્ગત એક જ્ઞાનસભર પ્રોજેક્ટ રજૂ કરાયો હતો.

શાળાના ધો. ૮ના ત્રણ વર્ગના કુલ ૧૮૦ વિદ્યાર્થીઓને શાળાના પ્રોજેક્ટર રૂમમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના અનિલભાઈ પટેલ તથા તેમના સાથી મિત્રોએ ઉપરોક્ત વિષય અંતર્ગત ઉર્જા શું છે ? પુનઃ પ્રાપ્ય અને પુનઃ અપ્રાપ્ય ઉર્જા સ્ત્રોતો વિશે વર્તમાન સમયમાં વિવિધ ક્ષેત્રે પુનઃ અપ્રાપ્ય ઉર્જાસ્ત્રોતોના ઉપયોગના વધી રહેલા વ્યાપ તથા ટૂંકા સમયમાં તેના ખૂટી જવાથી મળનારા પરિણામો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. એટલુ જ નહિ પરંતુ આ તમામ પ્રશ્નોના વિકલ્પ સ્વરૂપે પુનઃ પ્રાપ્ય ઉર્જાસ્ત્રોતો જેવા કે સૌરઉર્જા, સમુદ્રીઉર્જા, બાયોમાસ, પવનઉર્જા, ભૂતાપીયઉર્જાનો ઉપયોગ વિવિધ સાધનોમાં કરી કેવી રીતે નિઃશુલ્ક ઉર્જા મેળવી શકાય તેની પણ જાણકારી સાથે તેનું ઉદાહરણ આપી બાળકોને આ પ્રકારની વ્યવસ્થા ભવિષ્યમાં કરવાની ઉમદા પ્રેરણા આપી હતી. કાર્યક્રમના અંતે તમામ માહિતીના આધારે બાળકોને પ્રશ્નોત્તરી કરી અને બાળકોએ મેળવેલ માહિતીનું જ્ઞાન ગોષ્ઠિ દ્વારા મૂલ્યાંકન કરાયું હતું. પ્રશ્નોના સાચા જવાબ આપનાર વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા.

શાળાના સુપરવાઈઝર અશોકભાઈએ નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ માટે ૮૨,૦૦૦ કરોડનું ઔદ્યોગિક મૂડીરોકાણ કરાશે

૧૨ લાખ રોજગારીની તકો ઉભી થશે : જીઆઇડીસીમાં પ્લોટના ઉપયોગની સમય મર્યાદાને વધારવાની જાહેરાત

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત રાજ્યમાં રૂપિયા ૮૨,૦૦૦ કરોડનું ઔદ્યોગિક મૂડી રોકાણ અને રૂપિયા ૫,૪૮૩ કરોડનું પર્યાવરણીય ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં મૂડી રોકાણ કરવામાં આવશે એ મતલબની બહુ મહત્વની જાહેરાત આજે રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ જીઆઇડીસી ઉદ્યોગને લઇ કરી હતી. આ નિર્ણયને કારણે ૧૨ લાખ રોજગારીની નવી તકો ઉભી થવાનું જણાવતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જીઆઇડીસીમાં પ્લોટના ઉપયોગની સમયમર્યાદા વધારવા સાથે કેપિટલમાં રીબેટ આપવા સહિતની અન્ય જાહેરાતો પણ કરી હતી. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, જીઆઇડીસી દ્વારા ફાળવવામાં આવેલ પ્લોટના ઉપયોગની સમય મર્યાદા ૩ વર્ષ, ૪ વર્ષ અને ૫ વર્ષ હતી. જેને હવે ૧,૦૦,૦૦૦ ચો.મી.સુધીના એકમો માટે ૪ વર્ષ વપરાશ/ ઉપયોગની સમયમર્યાદા આપવામાં આવનાર છે. આ ઉપરાંત ૩૦૦૦ ચો.મી. સુધીના ક્ષેત્રફળ ધરાવતા પ્લોટ/શેડના ફાળવણીદારોને બેલેન્સ કેપિટલમાં ૩ ટકા રીબેટ આપવામાં આવશે. નાના ઔદ્યોગિક એકમો કે જે અગાઉ વપરાશમાં આવેલ હોય પરંતુ એક યા બીજા કારણસર બંધ પડેલ હોય તેવા એકમોને તબદીલ કરવા તથા રાહત આપવા વણવપરાશી દંડની મહત્તમ મર્યાદા ૨૦ ટકામાંથી ૧૦ ટકા કરવામાં આવી છે. જીઆઇડીસીના ૩૦૦૦ ચો.મીટર સુધીના ક્ષેત્રફળ ધરાવતા પ્લોટ/ શેડના ૨,૪૭૪ ફાળવણીદારો દ્વારા તમામ બાકી લ્હેણાં ભરપાઇ કરવાની શરતે દંડકીય વ્યાજમાં ૧૦૦ ટકા અને વિલંબિત વ્યાજમાં ૫૦ ટકા રાહત આપવામાં આવશે. આ જ ધોરણે વોટર ચાર્જીસ અને ડ્રેનેજ ચાર્જીસ પર દંડકીય વ્યાજમાં ૧૦૦ ટકા અને વિલંબિત વ્યાજમાં ૫૦ ટકા રાહત આપવામાં આવશે. ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ આસીસ્ટન્સ ફોર ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના અંતર્ગત શેડ ભાડે આપવાની યોજના ચાલુ કરવામાં આવશે. આ ઉપરાંત ૩૦૦૦ ચો.મી. સુધીના ક્ષેત્રફળ ધરાવતા પ્લોટ/શેડના ફાળવણીદારોને સહાયરૂપ થવા હેલ્પ ડેસ્ક શરૂ કરવામાં આવશે. ઔદ્યોગિક નીતિ- ૨૦૧૫ આસીસ્ટન્સ ફોર ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના અંતર્ગત હાલમાં પ્રોજેક્ટ કિંમતના ૬૦ ટકાની સરકારની સહાય મંજુર કરવાની નીતિમાં ફેરફાર કરીને હવે પછીથી મંજુર થનાર પ્રોજેકટોમાં પ્રોજેકટ કિંમતના ૮૦ ટકા મુજબ સરકારની સહાય મંજુર કરવાનો નિર્ણય કર્યો છે. સરકારની આ જાહેરાતને પગલે આગામી દિવસોમાં હવે ઔદ્યોગિક એકમોને લઇ બહુ વેગ મળશે.

સોજા હાઈસ્કૂલના ઉપક્રમે ત્રિદિવસીય કચ્છ પ્રવાસ સંપન્ન

કલોલ તાલુકાની લબ્ધ-પ્રતિષ્ઠ શૈક્ષણિક સંસ્થા શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાના ઉપક્રમે કચ્છના ત્રિદિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ઉચ્ચત્તર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના બાળકો હોંશભેર જોડાયા હતા. સફેદ રણની મુલાકાત ઉપરાંત ભૂજ, કાળો ડુંગર, માતાનો મઢ, કોટેશ્વર, ગોધરા, ભૂજોડી, માંડવી, મુદ્રા, પોર્ટ, જય અંબે ધામ, અંજાર વગેરે સ્થળોની પણ મુલાકાત લીધી હતી. શાળાના કલરવ ઈકો ક્લબ, બાળ ઊર્જા રક્ષક દળ, રાષ્ટ્રીય સેવા યોજના અને એન.સી.સી. યુનિટના બાળકોએ સદર શૈક્ષણિક પર્યટન માણવા સાથે આપણી ધરોહર સમાન સંપત્તિની જાળવણી-જતન-સંરક્ષણ-સંવર્ધન માટે પણ પ્રેરણાદાયી-પ્રશંસનીય-આવકાર્ય-અનુકરણીય પ્રવૃત્તિ હાથ ધરી હતી. બાળકો દ્વારા જોવાલાયક સદર સ્થળોએ સ્વયં સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. પ્લાસ્ટિક કચરો અને અન્ય નુકસાનકારક ઘટકો ઉઠાવીને તેને એકત્ર કરી તેનો યોગ્ય સંગ્રહ-નિકાલ કરવામાં આવ્યો હતો. આવા એક ઉમદા ભગીરથ કાર્યમાં

સે-૨૨ની સરકારી શાળામાં ગુજરાતી ભાષાજ્ઞાન અંગે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના સેક્ટર-૨૨માં સરકારી પ્રાથમિક શાળા ખાતે ગુજરાતી ભાષા શુદ્ધિ, અર્થભેદ, શબ્દરચના, વાક્ય રચના તથા વાર્તાની પ્રસ્તુતી વગેરે માટેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રાજ્યપાલ એવોર્ડ વિજેતા નિવૃત્ત શિક્ષક રોહિતભાઈ જોશી દ્વારા શાળાના ધોરણ-૧ થી ૭ સુધીના વર્ગોના બાળકોને ભાષાજ્ઞાન પીરસવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે જ્ઞાન સાથે ગમ્મત મળી રહે તે રીતે માતૃભાષા સંરક્ષણના હેતુથી યોજવામાં આવ્યો હતો.

ગુજરાત વણકર સેવા સમાજનો ૨૨ મો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગુજરાત વણકર સેવા સમાજ અમદાવાદ દ્વારા સમગ્ર ગુજરાત વણકર સમાજના યુવક-યુવતિઓ માટે ૨૨મો જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. તે માટે ગાંધીનગર યુનિટના પ્રતિનિધિઓમાં ડી.એમ.પરમાર પ્લોટ નં.૫૪૦-૨ સેકટર-૭ બી તેમજ સભ્ય કાન્તાબેન ડોડિયા સેકટર-૨૭, ચંપાબેન વાઘેલા, સેકટર-૨ સી અને દભાબેન પરમારનો સંપર્ક કરી ગુજરાત વણકર સેવા સમાજ અમદાવાદના નિયત નમુનાના અરજી ફોર્મ મેળવી તા. ૧૫-૧૨-૧૮ સુધીમાં જમા કરાવી જીવન સાથી પસંદગી મેળામાં ભાગ લેવા માટે અનુરોધ કર્યો છે.

ગુજરાતી રીપોર્ટર થવા માટે ઉત્તમ તક

- ગુજરાતી રીપોર્ટર (પ્રતિવેદક)ની પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે ગુજરાતી શોર્ટ હેન્ડમાં અમરેલી લિપીમાં અનુભવી શિક્ષક દ્વારા ડીકટેશન તથા પાયાનું શિક્ષણ મેળવી ઝડપ પ્રાપ્ત કરવા માટે મળો.
- અમો આપની ઓફીસે આવી આપના કોમ્પ્યુટર પર ટાઈપીંગ કરી આપીશું.
- ગુજરાતી સ્ટેનોગ્રાફર તથા કોમ્પ્યુટર ઓપરેટર માટે મળો.

મો. ૯૮૯૮૬-૧૬૭૭૦